


## સલામી સવારની..

*કચરો નાખશો તો તમને દંડ થઈ જશે!*
*ભીનો-સૂકો મીક્ષ કરશો તો દંડ થઈ જશે!*
*શીખંડ ખાવા સિવાય અમારી ન કોઈ ફરજ -*
*કર ભરતાં મોડા પડ્યા તો દંડ થઈ જશે!*
*(મનપા નો દંડો)*

*જન-સ્વાસ્થ્ય,*
*ને સુવિધામાં છીંડા*
*કર્તવ્યે મીંડાં*

*લાગ્યો છે ચેપ*
*સાહેબ ને નેતાનો -*
*ફૂંકે બણગા...*

*(૨૦૨૨ સુધીમાં મેલેરિયા નેસ્તનાબૂત કરશું! - દિવ્યાંગ દેસાઈ)*

## ચિંતન

**શત્રુવ્યસનં શ્રવણ સુખમ્**

**ઉપરોક્ત શ્લોક ચાણક્સૂત્રમાંથી લેવામાં આવેલ છે.**

**શત્રુનાં વ્યસન (કષ્ટો) સાંભળવાથી સુખની પ્રાપ્તિ થાય છે.**

**શત્રુઓની કમજોરીઓ, બૂરાઈઓ કે કષ્ટો સાંભળવાથી મનુષ્યનું શેર લોહી વધે છે એટલે કે તે સુખની અપાર લાગણી અનુભવે છે.**

**સામાન્ય વહેવારમાં આપણને ન ગમતા - ન ઈચ્છતા - શત્રુ કે દુશ્મન જેવા લોકો દુઃખી થાય, મુશ્કેલીમાં મૂકાઈ જાય તો સંસારીક સામાન્ય જીવોને એનો ગુપ્ત આનંદ હોય છે. આ વાત ચાણક્ય રાજનીતિ અને તદ્દન વહેવારું લોકો માટે જ કહે છે.**

## સુવિચાર

- આદમી પરખને કી એક યે ભી નિશાની હૈ...,
  ગુફતગુ બતા દેતી હૈ કૌન ખાનદાની હૈ !! - **અકબર જયપુરી**
- માનવતાના ખોળામાં રમે તેનું નામ ધર્મ છે અને ખોળો ત્યજીને તે રીલીજીયન છે - **ગુણવંત શાહ**
- જીવનમાં ૭૫ વર્ષ વીતી ગયાં પછી મને એટલી ખબર પડી છે કે અણગમતું કામ કરવામાં સફળ થવા કરતાં મનગમતું કામ કરવામાં નિષ્ફળ જવું સારું - **એસ. ભટ્ટાચાર્ય**
- માણસ પોતાની પહોંચમાં હોય એટલું જ અંતર કાપે છે, જે અંતર કાપવાનું બાકી રહી ગયું તે અંતરને લોકો 'પ્રમાદ' કહે છે પ્રમાણ એટલે ઈશ્વર સાથે થયેલી છેતરપીંડી - **આલ્બેર કામુ**
- બાળકને રસ્તે ચાલતી ઈયળ પર પગ ન મુકવાની શીખ આપવીએ જેટલું ઈયળ માટે મૂલ્યવાન છે, એટલું જ બાળક માટે પણ છે - **ફાધર પોલ**
- હું એક એવા એલાર્મની શોધમાં છું જે મને કયારે જાગવું તેની સાથે શા માટે જાગવું તે પણ જણાવે - **ધી ઓપ્ટીમીસ્ટ મેગેઝીનમાંથી**
- આજનું ઔષધ : રાઈને વાટી પાણીમાં પેસ્ટ બનાવી દૂંટી પર લેપ કરવાથી ઊલ્ટી મટે છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

## બોધકથા

આજના નેતાઓ ઘાયલ સૈનિકોને કે આફતમાં સહન કરનારાને હોસ્પિટલમાં મળવા જાય એ પહેલાં ટીવી, કેમેરા, પત્રકારોની વ્યવસ્થા થઈ જાય છે.

વિશ્વયુદ્ધ દરમિયાન એડવર્ડ છઠ્ઠા ને યુદ્ધમાં ઘાયલ સૈનિકોને મળવાનું મન થયું. લશ્કરી હોસ્પિટલમાં પહોંચીને ત્યાંના મુખ્ય ડૉકટરને પુછઅયું 'હાલ કેટલા ઘાયલ સૈનિકો અહીં સારવાર હેઠળ છે?' ડૉકટરનો જવાબ, 'સર, એકતાલીસ ઘાયલ અહીં છે.' એડવર્ડ વોર્ડમાં ચક્કર લગાવ્યું અને જોયું કે ત્યાં કુલ બત્રીસ દર્દીઓ કયાં છે?' ડૉકટરે જવાબ આપ્યો, 'સર, બાકીના નવ ખૂબ ગંભીર રીતે ઘવાયેલા છે માટે આપને એમની પાસે લઈ ગયા નથી.' એડવર્ડ કહ્યું, 'મારે તે નવ જણાને પણ મળવું છે.' ડૉકટર તેમને ગંભીર રીતે ઘવાયેલા દર્દીના વોડમાં લઈને ગયા, પણ ત્યાં તો આઠ જ દર્દી ખૂટે છે તે બતાવો...' ડૉકટરે કહ્યું, 'સર એ તો હવે થોડા કલાકોનો મહેમાન છે, ફક્ત શ્વાસ ચાલે છે ને આંખો જોવે છે બસ' એડવર્ડ કહ્યું, 'તેને તો મારે ખાસ મળવું જ જોઈએ' એડવર્ડ એ અતિગંભીર હાલત વાળા સૈનિકને જુએ છે. તેનો હાથ લઈ ચુમે છે અને કહે છે, 'દોસ્ત, તેં દેશ માટે તારા જીવનનું બલિદાન આપેલ છે, તને હું સલામ કરું છું.' આટલું બોલતા કિંગ એડવર્ડ ખુદ ધ્રુસકે ધ્રુસકે રડી પડે છે. ધન્ય છે - એડવર્ડની સંવેદનશીલતાને.

# ઘર ખરીદનારને સલામતી

રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એક્ટના અમલીકરણથી આ ક્ષેત્રે એક નવા જ યુગનો પ્રારંભ થયો છે. જો સરકાર આ કાયદાનો ગંભીરતાપૂર્વક અમલ કરાવી શકશે તો અત્યાર સુધી આ ક્ષેત્રે પ્રવર્તતી અરાજકતાનો અંત આવશે અને બિલ્ડર કે ડેવલપર ગ્રાહકને છેતરી શકશે નહીં. કેન્દ્રીય ગૃહનિર્માણ મંત્રી વેંકૈયા નાયડુ કહે છે તેમ ઘર ખરીદનાર ગ્રાહક 'કિંગ' બની જશે. માથે છાપરું હોય એ આજના માનવીની વાજબી અપેક્ષા છે, જે પૂરી કરવાની કલ્યાણ રાજની નૈતિક જવાબદારી ગણાય. જયારે રાજય પોતાના નાગરિકોને આવી સુવિધા જાતે પૂરી ન પાડી શકતું હોય ત્યારે કમ સે કમ એ એમને પાવરફુલ બિલ્ડર લોબી દ્વારા શોષાતા અને છેતરાતા બચાવી શકે તોય ઘણું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી નીચલા મધ્યમ વર્ગ અને ગરીબ લોકોની આ સમસ્યાથી વાકેફ છે. એમણે પોતે સાવ સાંકડા ઘોલકામાં બાળપણ અને કિશોરાવસ્થા વિતાવેલી છે. આખી જિંદગીની કમાણી ખરચીને સામાન્ય માનવી એની કલ્પનાનું નાનકડું ઘરનું ઘર હાંસલ કરવા મથતો રહે છે. આ કઠોર વાસ્તવને વટાવી ખાનાર બિલ્ડર લોબી અઢળક નફો કરીને આવાં મકાન વેચે છે ત્યારે પણ ખરીદનાર ગ્રાહકની શરતોએ નહીં, પમ પોતાનો જ હાથ અધ્ધર રહે તે રીતે. આથી દબાયેલા - ચંપાયેલા ગ્રાહકને જે અન્યાય થતો હતો અને કયારેક તો નાણાં ચૂકવ્યા પછી પણ મકાન મેળવતાં વર્ષો લાગી જતાં હતાં તેની કેન્દ્ર સરકારને પૂરેપૂરી માહિતી હોવા છતાં આજ લગી બધું જ બિલ્ડર લોબીની તરફેણમાં લોલે લોલ ચાલતું રહ્યું. પરિણામે કયાંક તદ્દન ગેરકાનૂની રીતે બંધાયેલી બિલ્ડિંગો સુપ્રીમ કોર્ટના આદેશથી ધરાશાયી કરાયાં ત્યારે જિંદગીની પરસેવાની કમાણી ખરચીને ઘર ખરીદનારા ગરીબ

**તંત્રીસ્થાનેથી...**

અને મધ્યમ વર્ગના ગ્રાહકો ફૂટપાથ પર આવી ગયા તો કયારેક સહારા જેવી પ્રતિષ્ઠિત કંપની દ્વારા ઠેર-ઠેર નગરો વસાવવાની જાહેરાતોના અનુસંધાને આવા લોકોએ આંધળૂકિયાં કરી પોતાના ફલૅટ બુક કરાવ્યા જે ફક્ત કાગળ પર જ રહી ગયા. સરકારે આવા દુખિયારા લોકોના રક્ષણ માટે જ આ કાયદો ઘડ્યો છે, જે સર્વથા આવકારદાયક છે. આ કાયદા અનુસાર તમામ ડેવલપર્સ માટે તેના પ્રોજેક્ટ અને રિયલ ઍસ્ટેટ એજન્ટનું રજિસ્ટ્રેશન ફરજિયાત બની જશે. વળી ગ્રાહકો પાસેથી મેળવેલી સિત્તેર ટકા રકમ અલગ બેંક ખાતામાં જ જમા કરાવવાની રહેશે. જો કે ઊંટે કર્યા ઢેકા તો માણસો કર્યા કાઠલા - એ ન્યાયયે બે નંબરનાં નાણાં તો બિલ્ડરો પાસે જ રહેશે, પરંતુ 'વ્હાઈટ'નાણાં પૂરતો ગ્રાહક સુરક્ષિત બની જશે. પ્રોજેક્ટ વિલંબમાં મુકાતાં બેન્કલોનનું વ્યાજ ડેવલપર્સને ચૂકવવું પડશે. વળી ગ્રાહકને પઝેશન મળ્યાનાં પાંચ વર્ષ દરમિયાન ડેવલપરની જવાબદારી રહેશે કે એક મહિનામાં જ એક સરખી કરી આપે અને જો ડેવલપર એમ ન કરી શકે તો એને ગ્રાહકને એટલું વળતર આપવું પડશે. એપેલેટ ટ્રિબ્યુનલ કે સત્તામંડળના આદેશનો અમલ નહીં કરનાર ડેવલપર્સને ૩ વર્ષની અને એજન્ટ તેમજ ખરીદનારને ૧ વર્ષની સજાની પણ જોગવાઈ આ કાયદામાં કરાઈ છે. ખાટલે ખોડ એ કે કેન્દ્રનાં દબાણ છતાં હજી દેશનાં ફક્ત ૧૩ રાજયોએ જ નિયમો જાહેર કર્યા છે અને સત્તામંડળની રચના તો માત્ર મધ્યપ્રદેશ સરકારે જ કરી છે. બિલ્ડર લોબીને નાથવી કે કાળી નાગને નાથવા જેવું અઘરું કામ છે. મોદી સરકાર એમાં કેટલી સફળ નીવડશે એ તો સમય જ કહી શકે!

# આનંદ અને સાચું સુખ હૃદયમાં જ પ્રાપ્ત અને વ્યાપ્ત છે

"... તો પછી એ અલૌકિક શક્તિને પર્વત પર ઊંચે મૂકી દો."

'મારે અલૌકિક શક્તિનું સ્થાપન કરવું છે. જે પામ્યા પછી મનુષ્યએ જીવનમાં બીજુ કશું મેળવવાનું રહે નહીં. જેને પામ્યા પછી મનુષ્ય તૃપ્તિનો અનુભવ કરે. ' ભગવાને નારદજીને કહ્યું. 'સીધું મનુષ્યને જ આપી દો ને !' નારદજીએ કહ્યું.

'ના,.... સીધું જ નથી આપવું ને સહેલાઈથી મળી જાય તેમ પણ નથી કરવું.' કારણ સહેલાઈથી મળી જાય તેની કોઈ કિંમત નથી હોતી.ભગવાને કહ્યું. નારદજીએ પૂછયું. "ભગવંત, તો પછી એ અલૌકિક શક્તિને પર્વત પર ઊંચે મૂકી દો."

"ના... ના... મનુષ્ય આમતો સાહસિક ખરો, ત્યાં પહોંચી શકે." ભગવાને ઉત્તર આપ્યો. નારદજીએ બીજો રસ્તો બતાવ્યો, "પ્રભુ, સાગરની વચ્ચે છેક ઊંડે મૂકી દો."

ભગવાન બોલ્યા, "ના... ના... મનુષ્ય ખણખોદ સ્વભાવનો છે. સાગરના પેટાળમાંથી પણ અલૌકિક શક્તિને કાઢી લાવશે."

નારદજી પાસે હવે એક જ ઓપ્શન બચ્યો હતો. તેમણે કહ્યું "પ્રભુ, હવે માત્ર એક કામ કરવા જેવું છે. ધરતીના પેટાળમાં મૂકી દો." પ્રભુ વધા, "ના, નારદજી ના, મનુષ્ય ધરતીને ખૂંદવામા કાંઈ બાકી નહીં રાખે." "તો હવે ?" ભગવાન : "હું એવી જગ્યાએ અલૌકિક શક્તિને મૂકવા માગું છું જે એની આસપાસ જ હોય છતાં મનુષ્ય સહેલાઈથી પહોંચી નહિ શકે ?"

નાદરજી : 'એવી જગ્યા કઈ ? જે આ પૃથ્વી પર જ હોય અને મનુષ્ય પહોંચી ન શકે ?'

પ્રભુએ જવાબ આપ્યો, "માનવીના હૃદયમાં." નારદજી આશ્ચર્યમાં પડી ગયા. પ્રભુની વાત સાચી નીકળી. આજદિન સુધી માનવી બીજા માનવીના હૃદયસુધી પહોંચી શક્યો નથી.

પ્રેમ હૃદયમાંથી પ્રગટે છે. આખી જિંદગી રઝળપાટ કર્યા બાદ અલૌકિક શક્તિ હૃદયમાં પડેલી છે એવું જ્ઞાન થતાં તો ઘણું મોડું થઈ ગયું હોય છે. માનવ બીજા માનવ સુધી હજી પહોંચી નથી શકયો. 'અનિલ' કહેવાય છે કે હજી બંધાય છે રસ્તો ! ઉપગ્રહ તો છોડી શકાય પણ પૂર્વગ્રહ ? ડીનરસેટ, સોફાસેટ, કમ્પ્યુટર સેટ, ઘરમાં તમામ પ્રકારના સેટ છતાં હૃદય અપસેટ. એક હટકે કામ કરવા જેવું છે. ! પોતાના મોબાઈલમાં પોતાનો જ નંબર ડાયલ કરવા જેવો છે. શો જવાબ મળશે ? વ્યસ્ત હૈ. જવાબ એકદમ સાચો. પોતાની જાત સાથે વાત કરતા હંમેશા એન્ગેજ ટોન આવે છે. જિંદગીની ભાગદોડમાં હૃદયની માવજત કરવાની રહી જાય ત્યારે હૃદય બળવો પોકારે છે અને સગાં-વ્હાલાં તેને 'એટેક' નું નામ આપી દે છે. બાયપાસ કરનારા "ડૉકટર પણ હૃદયમાં અલૌકિક શક્તિ દેખી શકતા નથી. એટલે 'અલૌકિક શક્તિ'ને પામવાનો રસ્તો કદાચ જુદો હશે!!




પર્વતની ટોચે ને સાગરના પેટાળમાં પહોંચી શકાય પણ એક મેકના હૃદય સુધી પહોંચવામાં નરી નિષ્ફળતા. ભગવાને ભલે છૂપી રીતે "અલૌકિક શક્તિ" મૂકી દીધી છે છતાં ગીતાના પંદરમા અધ્યાયમાં ખુલાસો કરી જ દીધો છે :

સર્વસ્ય ચાહં હૃદિસંન્નિ વિષ્ટો, મત્ત : સ્મૃતિ જ્ઞાર્નમ પોહનં ચ !(હું સર્વપ્રાણીઓના હૃદયમાં અંતર્યામી સ્વરૂપે બીરાજું છુ.)

દુઃખ, નિરાશા ઘેરી વળે ત્યારે મોલ, બગીચા, પાર્ટી કે સિનેમા હોલમાં આનંદ મેળવવા દોડી જવાનો આજે એક ટ્રેન્ડ ઊભો થયો છે. અહીં ઓશોના શબ્દો યાદ આવે "અપને ભીતર ઝાંખને કી જરૂરત હૈ" ઘરની અંદર ખોવાયેલી વસ્તુને ઘરની બહાર શોધવાનો મિથ્યા પ્રયાસ આપણે કરતા રહયાં. આનંદ અને સાચું સુખ હૃદયમાં જ પ્રાપ્ત અને વ્યાપ્ત છે અને એ જ 'અલૌકિક શકિત' છે.

મિસરી

"કોઈને શ્રધ્ધા નથી ભીતર બેઠેલા રામ પર
એટલે જ મંદિરોમાં લાંબી કતારો હોય છે."

- (રાકેશ સગર,' સાગર')

-santoshdevkar03@gmail.com

# હવા જોઈને દિશા બદલતા- ઉડતા પૂંછડીવાળા ફુદ્દા જેવા આપણે!!!

પ્રત્યેક સવારનો મિજાજ મોટે ભાગે એકસરખો હોય છે. જાગીએ ત્યારથી ઘરની બહાર નીકળવાની ઉતાવળ, આખી જિંદગી ઘડિયાળને પૂછી-પૂછીને ચાલવાનું, દિવસ દરમિયાન કોને મળ્યું છે, કોને નહીં, તે નક્કી કરવાનું, ચા-નાસ્તો પતાવવા, ગંગે ચ યમુને ચૈવ ગોદાવરી... સ્નાનની વિધિ પતાવવાની મોઢા પર દિવસ દરમિયાન લોકોને ગમે તેવું ખુશામત ભર્યું, સાસાસારના વિવેકવાળું માસ્ક પહેરીને નીકળી પડવાનું, ઑફિસમાં જઈને બોસ કે સાથી કાર્યકર દીઠો ન ગમતો હોય તેની સાથે જાણે જન્મોજન્મના લેણા હોય તેવી સ્ફૂર્તિથી, આત્મીયતાથી વાતો કરવાની, આ બધાનો થાક નહીં લાગતો હોય!

મોટાભાગે ઉપરોક્ત દિનચર્યા હોય છે આજના આમ આદમીની! ત્યારે ટી.એસ. એલિયટની ઉપરની પંક્તિ યાદ આવ્યા વિના ન રહે કે, 'જીવવામાં જ ખોવાઈ ગઈ એ જિંદગી કયાં છે?'

આપણે યંત્રવત્ થઈ ગયા છીએ, રાબેતા મુજબનું જીવન જીવતા થઈ ગયા છીએ, મોસમ આવે છે અને જાય છે. તેની જાણ છાપા દ્વારા કે આજ-તકથી થાય છે કે ભઈ! વરસાદ ગુજરાતમાંથી ગયો, વડોદરા જળબંબાકાર! લાખો લોકો બેઘર બન્યા ! હજારોના જાનમાલ તારાજ. આપણી પાસે આંખ છે પણ જોતા નથી. કાન છે પણ કોઈ સાંભળતું નથી. આપણે સુસ્ત અને સંવેદન શૂન્ય થઈ ગયા છીએ. કોઈને અંદરથી કશું થતું જ નથી. વિચાર કરીએ છીએ અનુભવ કરી શકતા નથી. અમલ કરી શકતા નથી.

આતંકવાદની સમસ્યા ઉપર જોર-શોરથી ચર્ચા કરીએ છીએ પણ અક્ષરધામ હુમલા વખતે ઘરમાંથી બહાર નીકળતા નથી, અલબત્ત આજતક ૨૪ ઘંટે હોય છે ને! એટલે તમને દરેક સારા ખરાબ સમાચારથી માહિતગાર રાખે છે પણ તે ઘટનાનો ભોગ બનાવી શકતા નથી! પરંતુ એ તો આપણી અંદર સંવેદના હોય ત્યારે જ શકય બને ને! આપણું કહેવાતું તમામ જ્ઞાન આપણને અજ્ઞાન તરફ લઈ જાય છે.

આજનો વ્યક્તિ જીવન શું છે, રાષ્ટ્ર ભાવના શું છે? કોના માટે છે, શા માટે છે એ વિશે વિચારવા તૈયાર નથી, એ તો બસ દોડ્યા જ કરે છે, પછી થાકે છે અને ઊભો રહે છે, ફરી પાછો દોડ્યા કરે!

મકરંદ દવે એ સરસ પંક્તિ લખી છે. 'મન હો મારા સૌ દોડે ત્યાં એકલું થોભી જા' ટોળામાં રહેતો માણસ પોતાની રીતે જીવતો નથી. બીજાનું અનુકરણ કરવામાં દંભી થઈ જાય છે.

માણસે જીવનમાં એક ક્ષણ થોભવાનું છે વિચારવાનું છે, કે હું કયાં જઈ રહ્યો છું, એ દિશા સાચી છે કે નહીં, માણસ આટલું વિચારે તો પણ કહેવાતા આ રોકાણમાં ઘણો આગળ વધી જાય.

જીવનથી જીવનમાં કશું સુંદર નથી એવું એક વાક્ય કયાંક વાંચ્યું હતું, પણ આપણે જીવીએ છીએ ખરા? પ્રત્યેક ક્ષણને માણીએ છીએ ખરાં? જીવનની રોજિંદી ઘરમાળમાં વ્યસ્ત માનવી જીવન જીવવાનો જાણે શિષ્ટાચાર પૂરો કરે છે.




જેટયુગના કારણે આપણે જોજનો કાપી શકીએ છીએ. પણ એ વ્યક્તિ વચ્ચેના રણને ઓળંગી શકતા નથી, કોઈએ સાચું જ કહ્યું છે કે જીવનને સજીવન રાખવું હોય તો સંવેદનાને જીવતી રાખો. સંવેદના એક એવી ભાષા છે જે બહેરા સાંભળી શકે છે, અને મૂંગા વ્યક્ત કરી શકે છે.

કૈસ ચૂપચાપ હી મર જાતે હૈ કુછ લોગ યહાં
જિસ્મ કી ઠંડી સી
તારીફ સિયાહ કબ્ર કે અંદર!
ના કિસી સાંસ કી આવાઝ
ના સિસકી કોઈ
ના કોઈ આહ, ના જુમ્બિશ
ના હી આહટ કોઈ
એસે ચુપચાપ મર જાતે હૈ કુછ લોક યહાં
ઉનકો દફનાને કી જહમત ભી ઉઠાની નહીં પડતી!

**- ગુલઝાર**

આપણે આપણી રોજિંદી તકલીફો અથવા એમ કહેવું જોઈએ કે ઊભી કરી લીધેલી, ધારી લીધેલી મુશ્કેલીઓથી ચૂપ-ચાપ જીવતા બૂત બની ગયા છીએ... કોઈ સીધો સ્પષ્ટ અભિપ્રાય નહીં... બસ ઘેટાચાલમાં ચાલ્યા જવાનું....

રમેશભાઈ ઓઝાએ કથામાં કહ્યું હતું કે - "સમાજમાં પાંચ ટકા લોકો સાચા હોય છે, પાંચ ટકા લોકો લુચ્ચા હોય છે... બાકીના ૯૦ ટકા લોકો કાચા હોય છે. સચ અને જૂઠની લડાઈમાં જેવું પલડું ભારે દેખાય ત્યાં આ કાચા જોડાઈ જતા હોય છે."

- jayuoza@gmail.com,
Mo. 9898046488

# બુક ફેરમાં અલગ-અલગ ભાષાના પુસ્તકો વાંચવાનો-લેખકો-કલાકારો ને મળવાનો અવસર મળતો હોય છે

'ડેડી, હું તમારી સાથે રોજે-રોજ બુક ફેરમાં આવીશ, પુસ્તકો ખરીદીશ ચેકબુકથી પૈસા આપવાની તૈયારી રાખજો...' હસતા હસતા ટીખળી દીકરી સ્તુતિએ ડેડીને કહ્યું.

વાત પણ એટલી જ રસપ્રદ હતી. અમદાવાદમાં નેશનલ બુક ફેર -૨૦૧૭ - અમદાવાદ બુકફેર રૂપે આયોજિત થયાં - એનું નિમંત્રણ ઘરે આવ્યું અને આ સંવાદ ઘરમાં થયો. અગિયારમાં ધોરણમાં અભ્યાસ કરી રહેલી દીકરીની પુસ્તક વાંચન માટેની ઉત્કંઠા




એમાં પ્રતિ ધ્વનિત થતી હતી. આ ઉંમરે એણે અંગ્રેજી ભાષાના જાજા અને ગુજરાતી - હિન્દી ભાષાના ઓછા, પણ અનેક પુસ્તકો વાંચીને એનો સાર ગ્રહણ કર્યો છે, એથી જ એની વાતોમાં પણ વાંચનની પળોના કારણે વિકસેલી બુદ્ધિ અને અવલોકનો તથા અભ્યાસ નિયમિતરુપે ઝલકે છે.

'વાંચે ગુજરાત' અભિયાન હેઠળ વર્ષ ૨૦૧૨માં તત્કાલીન મુખ્યમંત્રી અને હવે રાષ્ટ્રના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદ નેશનલ બુક ફેરનો શુભારંભ કરાવ્યો હતો. એ સમયથી આજ સુધી યોજાયેલા તમામ પાંચે નેશનલ બુક ફેરમાં પુસ્તક પ્રેમીઓનો અપ્રિતમ લોક પ્રતિસાદ સાંપડ્યો છે. કેટલાયે એવા વાચકો છે - શ્રોતાઓ છે - સાહિત્ય પ્રેમીઓ છે. જેઓ આ તમામ પુસ્તક મેળામાં નિયમિત રીતે આવ્યા છે. એમને અહીં આવીને વૈવિધ્યપૂર્ણ કાર્યક્રમોમાં રજૂ થતી વાતોને સાંભલી છે - માણી છે અને યાદ પણ રાખી છે. ગાયક દંપત્તિ વિપુલ અને નિહારીકા આચાર્યા તમામ સાંગીતિક કાર્યક્રમોમાં અહીં લગભગ ઉપસ્થિત હોય... એ જ રીતે ધ્વનિ-રાજવી - કીર્તિ જેવી અનેક સખીઓ ભલે અંગ્રેજી માધ્યમમાં ભણી હોય પરંતુ અહીં પદ્મશ્રી ભીખુદાન ગઢવીના લોક સાહિત્યને માણવા અમુક આવે જ. એન્જીનીયરીંગ સ્ટુન્ડટ વિરલ જોષી માટે તો જાણે એક ઉત્સવ થઈને આવે છે. આ નેશનલ બુક ફેર.

ગુજરાત યુનિવર્સટી એક્ઝિબિશન એન્ડ કન્વેન્શન સેન્ટર અમદાવાદ ખાતે તારીખ ૧ થી ૭ મે - ૨૦૧૭ દરમિયાન યોજાયેલ અમદાવાદ નેશનલ બુક ફેરની વિશેષતા એ કે સંપૂર્ણપણે વાતાનુકૂલન વેન્યુમાં ગોઠવાયો છે. વિખ્યાત પ્રકાશનોના બુક સ્ટોલ એમાં હોવા ઉપરાંત ફૂટકોર્ટ - બાળકો માટે વિશેષ કાર્યક્રમો - પણ એમાં છે આ ઉપરાંત લેખક સાથે સંવાદ, મૂર્ધન્ય કવિઓના કાવ્યોનું પઠન, મૂર્ધન્ય શાયરોની ગઝલોનું પઠન, જાણીતા લેખકોની વાર્તાઓનું વાંચન અને વકતવ્ય, વાર્તા કથન, ચિત્ર સ્પર્ધા - બાળગીતો - સ્વચ્છતા નાટક, આર્ટ એન્ડ ક્રાફટ તથા સાયન્સ ગેમ કિવઝ યોજાયા




'ત્રિવેણી' કાર્યક્રમમાં વિવિધ લેખકોના પ્રવચનો, ગુજરાતી કાવ્ય સંગીતના ગીતોનું ગાન, પ્રાચીન - અર્વાચીન સંતવાણી - હિન્દી ફિલ્મોમાં કાવ્ય તત્વથી સભર ફિલ્મી ગીતો અને લોકગીતો તથા જાણીતા શાયરો દ્વારા પ્રસ્તુત મુશાયરાનો લાબ વિના મૂલ્યે શ્રોતા-દર્શકોને મળે છે.

સુરતથી રીટા ત્રિવેદી કહે છે, 'આ નિમંત્રણ વાંચીને અમદાવાદ દોડી આવવાનું મન થાય છે.' તો જાણીતા લેખિકા ઉષા ઉપાધ્યાય જે હાલ અમેરિકા છે તે કહે છે, 'આ વર્ષે અમદાવાદના નેશનલ બુક ફેરનો લ્હાવો મને નહિ મળે એની ખોટ રહેશે.' ભારતના બહુભાષી પ્રકાશકોએ અહીં પોતાના સ્ટોલ્સ ઉભા કર્યા જેનો લાભ દર્શકો વાંચકોને મળ્યો. અમદાવાદના મેયર ગૌતમભાઈ શાહના માર્ગદર્શન હેઠળ યોજાયેલ આ પુસ્તક મેળાના આયોજનને મુખ્ય મંત્રી - નાયબ મુખ્યમંત્રી તથા પદ્મશ્રી વિષ્ણુભાઈ પંડ્યા અને પદ્મશ્રી પુરુષોત્તમ ઉપાધ્યાયે બિરદાવ્યું.



પુસ્તકો એના વાચકના જીવનમાં અજવાળું પાથરે છે, પુસ્તકો સારામાઠા સમયે ઉત્તમ મિત્ર બની રહે છે. પુસ્તકો નવી દિશા-નવા વિચાર આપે છ અને તેથી જ કહેવાય છે કે પુસ્તકો જેવો સંગ બીજે એકેય નથી.

પુસ્તકો વાંચવાની ઉત્કંઠા હોવી અને એ માટેનું વાતાવરણ મળવું એવો સુભગ સમન્વય આવા બુક ફેરમાં થતો હોય છે. બુક ફેરનો ફાયદો એ હોય છે કે એક જ સ્થળે એક સાથે અલગ અલગ ભાષાના પુસ્તકો વાંચવાનો - લેખકોને - કલાકારોને મળવાનો અવસર મળતો હોય છે.

આ પ્રકારના આયોજનો થકી જ સમાજમાં વાંચન માટેની અભિરૂચિ કહેવાય છે - જીવન માટે જરૂરી હકારાત્મક - મૂલ્યોનું સદ્ગુણોનું અને સંસ્કારોનું સંવર્ધન થાય છે. આવું થાય ત્યારે એનો લાભ મેળવનાની આસપાસ જ્ઞાનના અજવાળા રેલાય છે.

●●●

પુસ્તક એ ખિસ્સામાં રહેલો બગીચો છે.

- ચાઈનીઝ કહેવત